ओ३म्.

नित्य कर्म विधि

યાને

ब्रह्म-देव यज्ञ.

(સન્ધ્યોપાસના અને અગ્નિહોત્ર વિધિ સાથે)

છપાવી પ્રસિદ્ધ કર્તા -

ગુલાબચંદ દામોદરદાસ—અમદાવાદ.

વિક્રમ સંવત	સૃષ્ટિ સંવત	દયાનંદાબ્દ
૧૯૮૦	૧૯૭૨૯૪૯૦૨૫	૪૦

સૂર્યપ્રકાશ પ્રિં૦ પ્રેસ. ટંકશાળ—અમદાવાદ.

કિંમત ૦-૦-૩

अथ सन्ध्या ।

॥ अथ गुरुमंत्रः ॥

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ॥ धियो यो नः प्रचोदयात् ॥

ઉપરનો મન્ત્ર બોલી શીખા (ચોટલી) બાંધવી.

॥ अथाचमनमंत्रः ॥

ओ३म् शन्नो देवीरभिष्टय आपो भवन्तु पीतये । शंयोरभिस्रवन्तु नः ॥

આ મન્ત્ર ત્રણ વાર બોલી દરેક વખત એક એમ ત્રણ આચમન કરવા

અર્થ—હે પરમાત્મન્! આ શુદ્ધ અને સ્વચ્છ પાણી અમને શુદ્ધ કરી શાંતિ આપી રોગમાત્રનો નાશ કરે બીજો અર્થ—હે સર્વવ્યાપક પરમાત્મા દેવ અમારી ધાર્મિક ઇચ્છાની તૃપ્તિ માટે આપ કલ્યાણકારી હો અને અમારા પર સુખની વૃષ્ટિ કરો.

अथेन्द्रियस्पर्शमंत्रः ॥

ओ३म् वाक् वाक्, ओ३म् प्राणः, प्राणः, ओ३म् चक्षुश्चक्षुः, ओ३म् श्रोत्रं श्रोत्रम्, ओ३म् नाभिः, ओ३म् हृदयम्, ओ३म् कण्ठः, ओ३म् शिरः, ओ३म बाहुभ्यां यशोबलम्, ओ३म् करतलकरपृष्ठे ॥

આ મન્ત્રો બોલતા જઇ અનુક્રમે ઓઠ, નાસિકા બેઉ બાજુ, બે આંખ, બે કાન, નાભિ (ડુંટી), હૃદય, કંઠ, માથું અને બેઉ હાથ તથા હથેલીનો પાણીથી સ્પર્શ કરવો

અર્થ—હે પરમાત્મન્! આપની કૃપા વડે અમારી બધી ઇન્દ્રિય, મન અને શરીર પવિત્ર અને બલવાન થાય તેના વડે ઉપકાર કરીને અમો યશ પેદા કરી શકીએ.

अथ मार्जनमंत्राः ।

ओ३म् भूः पुनातु शिरसि, ओ३म् भुवः पुनातु नेत्रयोः, ओ३म् स्वः पुनातु कण्ठे, ओ३म् महःपुनातु हृदये, ओ३म् जनः पुनातु नाभ्याम्, ओ३म् तपः पुनातु पादयोः ओ३म् सत्यं पुनातु पुनः शिरसि, ओ३म् खं ब्रह्म पुनातु सर्वत्र ॥

આ મન્ત્ર બોલતા જઇ માથે, આંખોએ, ગળે, હૃદયે, નાભિએ પગોએ, ફરી માથે અને સર્વ અંગોએ પાણી છાંટવું

અર્થ—જીવન આપનાર (પરમાત્મા) અમારા માથાને પવિત્ર કરો, દુઃખથી બચાવનાર (પ્રભુ) નેત્રોને પવિત્ર કરો, ચેષ્ટા કરાવનાર ગળાને પવિત્ર કરો, મહાન (પ્રભુ) હૃદયને પવિત્ર કરો, ઉત્પાદક પ્રભુ નાભિ ને પવિત્ર કરો, સહનશીલ દયામય પ્રભુ પગોને પવિત્ર કરો એક રસ સર્વવ્યાપી (ઈશ્વર), ફરીથી માથાને પવિત્ર કરો, અને આકાશ વ્યાપક બ્રહ્મ આખા શરીરને પવિત્ર કરો

अथ प्राणायाम मन्त्राः ॥

भूः, ओ३म् भुवः, ओ३म् स्वः, ओ३म् महः,
नः, ओ३म् तपः, ओ३म् सत्यम् ॥

આ મન્ત્ર બોલતા જઇ પ્રાણાયામ કરવા–પ્રાણને રોકવો ક્રમમાં ક્રમ ત્રણ પ્રાણાયામ કરવા

(આ બધા પરમાત્માના વિશેષણ રુપ નામ છે અને તેમનો અર્થ ઉપરના મંત્રમા આવી ગયો છે).

अथाघमर्षण मन्त्राः ॥

ओ३म् ऋतञ्च सत्यञ्चाभीद्धात्तपसोऽध्यजायत ततोरात्र्यजायत ततः समुद्रो अर्णवः। समुद्रादर्णवादधि सम्वत्सरो अजायत। अहोरात्राणि विदधद्विश्वस्य मिषतोवशी। सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्। दिवञ्च पृथिवीञ्चान्तरिक्षमथो स्वः ॥

અર્થ—બધી તરફથી દેદીપ્યમાન (જ્યોતિસ્વરુપ) જ્ઞાનમય ઇશ્વરથી સૃષ્ટિ નિયમ અને આધ્યાત્મિક નિયમ પ્રગટ થયા. તેનાથી મહારાત્રી અને પરમેસ્વરના પ્રકૃતિરુપ સામર્થ્યથી વિદ્યા (જ્ઞાન) અને પરમાણુ ઉત્પન્ન થયા, પછી રાત્રિ, પછી ક્ષોભ પછી જલ ઉપલક્ષિત પઞ્ચભૂત ઉ પન્ન થયા ક્ષોભ અને જલાદિ પઞ્ચભૂત બાદ નિયમ પૂર્વક ગતિ ઉત્પન્ન થઇ પછી સમુદ્ર પ્રગટ થયો, સમુદ્રથી સવત્સર ઉત્પન્ન થયો, આ જાગતા જગતને વશમાં રાખવા ઇશ્વરે દિવસ અને રાત બનાવતી વખત સૂર્ય, ચન્દ્ર, પ્રકાશવાલાં લોક અને પ્રકાશ વિનાના લોક અન્તરિક્ષ અને આકાશ ઇત્યાદિ ઉત્પન્ન કર્યાં વિસ્વના રાજાએ સહજ સ્વભાવથી દિન રાત્રિ બનાવ્યા. વિધાતાએ પૂર્વકલ્પ પ્રમાણે સૂર્ય ચન્દ્ર, દિવ્ય લોક પૃથ્વી લોક અન્તરિક્ષ અને મોક્ષ ધામ બનાવ્યા.

આ મન્ત્ર બાદ પ્રથમ આવી ગએલ આચમન
આચમન પહેલા પ્રમાણે જ કરવા બાદ નીચેના મન્ત્રદ
પ્રદક્ષિણા કરવી.

अथ मनसा परिक्रमामन्त्राः ॥

ओ३म् प्राची दिगग्निरधिपतिरसितो रक्षिता दित्या इषवः । तेभ्यो नमोऽधिपतिभ्योनमो रक्षितृभ्यो नम इषुभ्यो नम एभ्यो अस्तु योऽस्मान्द्वेष्टि यं वयं द्विष्मस्तं वो जम्भे दध्मः ॥

અર્થ—પૂર્વ દિશાનો પ્રકાશ સ્વરુપ પરમાત્મા સ્વામી છે. બન્ધન રહિત અર્થાત્ સ્વતંત્ર રાજા અને રક્ષા કરનાર છે પ્રાણ અથવા સૂર્ય કિરણ તેના બણ છે (તે દ્વાગ ઈશ્વર પોતાના ભકતોને જીવન આપી તેમની રક્ષા કરે છે અને તેમના શત્રુઓનો નાશ કરે છે) તે અધિપતિ રક્ષા કરનાર તે બાણોને અમારા નમસ્કાર છે જે પુરુષ અમારી સાથે શત્રુતા રાખે છે, અને જેની સાથે અમે રાખીએ છીએ તેને (શત્રુતા) આપની ન્યાય વૃત્તિ પર છોડીએ છીએ.

ओ३म् दक्षिणा दिगिन्द्रोऽधिपतिस्तिरश्चिराजी रक्षिता पितर इषवः तेभ्यो० ॥

અર્થ—દક્ષિણ દિશાના પરમૈશ્વર્ય વાળા ઈશ્વર અધિપતિ, આપ પશુ અને જીવજન્તુથી અમારી રક્ષા કરવાવાળા છો અને જ્ઞાની પુરૂષો દ્વારા અમને જ્ઞાનપ્રદાન કરો છો ઇત્યાદિ. (ઉપર મુજબ)

ओ३म् प्रतीची दिग्वरुणोऽधिपतिः पृदाकू रक्षिताऽन्नमिषवः तेभ्यो० ॥

અર્થ—પશ્ચિમ દિશામા સર્વેથી શ્રેષ્ઠ ઇશ્વર વરુણ નામક અધિપતિ. હિંસા કરનાર જીવોથી આપ અમારી રક્ષા કરનાર છો અનાજ આપના બાણ છે, જેના વડે આપ અમારા પ્રાણને પોષો છો. ઇત્યાદિ (ઉપર મુજબ)

ओ३म् उदीची दिक्सोमोऽधिपतिः स्वजो रक्षिताऽशनिरिषवः तेभ्यो० ॥

અર્થ—ઉત્તર દિશામા શાન્તિમય પરમેશ્વર સોમ નામક અધિપતિ આપ અજન્મા અમારા રક્ષા કરવાવાળા છો આપના વિજલીરુપ બાણ વડે અમારા રુધિરની ગતિ અને પ્રાણની રક્ષા કરો છો ઇત્યાદિ (ઉપર મુજબ)

ओ३म् ध्रुवा दिग्विष्णुरधिपतिः कल्माषग्रीवो रक्षिता वीरुध इषवः तेभ्यो० ॥

અર્થ—પાતાલ દિક્ષામા વ્યાપક ઇશ્વર વિષ્ણુ નામક અધિપતિ આકાશ જેની ગર્દન સમાન છે, આપ રક્ષા કરવાવાળા છો વેલ રુપ બાણો વડે આપ અમારા પ્રાણની રક્ષા કરો છો ઇત્યાદિ (ઉપર મુજબ)

ओ३म् ऊर्ध्वा दिग् बृहस्पतिरधिपतिःश्वित्रो रक्षिता वर्षमिषवः तेभ्यो० ॥

અર્થ—ઊપરના (આકાશ) દિશામા વ્યાપ્ત મોટા દેવોના માલીક અધિપતિ આપ શુદ્ધ પવિત્રાત્મા અને રક્ષા કરવાવાલા સ્વામી છો વરસાદ આપના બાણ છે । ઇત્યાદિ—

॥ उपस्थानमंत्रः ॥

ओ३म् उद्वयं तमसस्परिस्वः पश्यन्त उत्तरम् ॥ देवं देवत्रा सूर्यमगन्म ज्योति रुत्तमम् ॥

અર્થ—અમે અન્ધકારથી પરે સુખસ્વરૂપ પરમાત્માને દેખીને પાર ઉતારનાર દેવોમા દેવ પ્રકાશમાન ઉત્તમ જ્યોતિને પામીએ છીએ.

ओ३म् उदुत्यं जातवेदसं देवं वहन्तिकेतवः ॥ दृशे विश्वाय सूर्यम् ॥

અર્થ—વિશ્વને જોવા સારૂ જે જ્ઞાન છે તે પહેલા જ્ઞાનને આપનાર પ્રકાશમાન દેવને પ્રાપ્ત કરાવે છે જે તેનો (જગતનો) પ્રભુ છે.

ओ३म् चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ॥ आप्रा द्यावा पृथिवीऽअन्तरिक्ष ँ सूर्य आत्मा जगतस्तस्थुषश्च स्वाहा

અર્થ—આશ્ચર્ય અને બલ સ્વરૂપ મિત્ર શ્રેષ્ઠ અને જ્ઞાની પુરષોના નેત્રરૂપ પરમેશ્વર વિદ્વાનોના મનમા ઉદય પામે છે તેજ (પરમાત્મા) પ્રકાશમાન અને પ્રકાશ રહિત મનુષ્ય લોક અને અન્તરીક્ષમા વ્યાપિ રહ્યો છે, અને તે પ્રકાશસ્વરૂપ સ્થાવર અને જગમનો અન્તર્યામી છે।

ओ३म् तच्चक्षुर्देवहित पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतꣳ श्रृणुयाम शरदः शतं मब्रवाम शरदः शतमदीनाः स्याम शरदःशत भूयश्च शरदः शतात् ।

અર્થ—તે દેવોનો હિતકારી દીપ્યમાન નેત્ર (પરમેશ્વર) સૃષ્ટિની પહેલો વિચરે છે (તેની કૃપાવડે) અમે સો વરસ દેખી શકીએ, સો વરસ જીવિએ, સો વરસ સાભળી શકીએ, સો વરસ ઉપદેશ કરી શકીએ, સો વરસ સુધી દીન ન થઇએ, અને સો વરસથી વધારે (દેખી શકીએ) ઉપદેશ કરી શકીએ, અને દીન ન થઇએ તે પ્રમાણેની અમારી સ્થિતી રહો

॥ अथ गुरुमंत्रः ॥

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ॥ धियो यो नः प्रचोदयात् ॥

અર્થ—જે પરમેશ્વર પ્રાણ આપનાર, દુ:ખોથી બચાવનાર, ચેષ્ટા કરાવનાર, અને સૃષ્ટિ કર્તા દેવ છે, તેમની પૂજનીય પાપનાસક જ્યોતિનુ અમે ધ્યાન કરીએ છીએ તે પ્રભુ અમારી બુદ્ધિઓને સારા રસ્તા તરફ પ્રેરણા કરો

ओ३म् नमः शम्भवाय च मयोभवाय च नमः शंकराय च मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥

અર્થ—આનન્દ દાતા, શાન્તિ આપનાર, સુખનો ઉત્પાદક, તૃપ્તિનો દાતા મંગલ સ્વરૂપ અને મંગલમય પરમેશ્વરને વારંવાર અમારા નમસ્કાર છે.

अथेश्वरस्तुतिप्रार्थनोपासना:।

ओ३म् विश्वानि देव सवितर्दुरितानि परा सुव । यद्भद्रन्तन्न आसुव ॥ १ ॥

ओ३म् हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत्। स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ २॥

ओ३म् य आत्मदा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्य देवाः। यस्य च्छायाऽमृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम ॥ ३ ॥

ओ३म् यः प्राणतो निमिषतो महित्वैक इद्राजा जगतो बभूव। य ईशेऽ अस्य द्विपदश्चतुष्पदः कस्मै देवाय हविषा विधेम ॥ ४ ॥

ओ३म् येन द्यौरुग्रा पृथिवी च दृढा येन स्वः स्तभितं येन नाकः। योऽअन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ॥ ५ ॥

ओ३म् प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परि ता बभूव। यत्कामास्ते जुहुमस्तन्नोऽ अस्तु वयं स्याम पतयो रयीणाम् ॥ ६ ॥

ओ३म् स नो बन्धुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा। यत्र देवा अमृतमानशानास्तृतीये धामन्नध्यैरयन्त ॥ ७ ॥

ओ३म् अग्ने नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनानिविद्वान् । युयोध्यस्मज्जुहुराण मेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥ ८ ॥

ओ३म् यां मेधां देव गणाः पितरश्चोपासते । तया मामद्यमेधयाऽग्ने मेधाविनं कुरु स्वाहा ॥ १ ॥

ओ३म् तेजोऽसि तेजो मयि धेहि वीर्य्यमसि वीर्य्यं मयि-धेहि बलमसि बलं मयि धेहि ओजोस्योजोऽमयि धेहि मन्युरसि मन्युम्मयि धेहि सहोऽसि सहो मयि धेहि ॥ २ ॥

ओ३म् यज्जाग्रतो दूरमुदैति दैवन्तदु सुप्तस्य तथैवैति। दूरंगमं ज्योतिषां ज्योतिरेकन्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥३॥

ओ३म् येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः। यदपूर्वं यक्षमन्तः प्रजानान्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ४ ॥

ओ३म् यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु यस्मान्नऋते किं चन कर्म क्रियते तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥

ओ३म् येनेदं भूतं भुवनं भविष्यत्परिगृहीतममृतेन सर्वम्। येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

ओ३म् यस्मिन्नृचः साम यजूꣳषि यस्मिन प्रतिष्ठिता रथना भाविवाराः। यस्मिंश्चित्तꣳसर्वमोतं प्रजानां तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ७ ॥

ओ३म् सुषारथिरश्वानिवयन्मनुष्यान्नेनीयतेऽभीशु भिर्वाजिनइव। हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठंतन्मेमनः शिवसंङ्कल्पमस्तु ॥८॥

अथ हवन मन्त्राः ।

અગ્નિહોત્ર એ પાંચ મહાયજ્ઞોમાંનો એક યજ્ઞ છે. જેને નિત્ય-કર્મમા કહેવામાં આવ્યો છે જે દરરોજ કરવો એ દરેક ગૃહસ્થોનો પરમ ધર્મ છે તે દેવયજ્ઞના નામથી પણ ઓળખાય છે અગ્નિવડે સંસારનો દરેક પદાર્થ શુદ્ધ અને પવિત્ર થઈને પ્રાણીઓને ઉપકાર કરે છે. જેવી રીતે બાળકને માટે એ સ્વાભાવિક અને યોગ્ય છે કે તે પોતાના બાપનુ અનુકરણ કરે તેવી રીતે અમો આર્યો જે આ અનાદિ પરમાત્માના પુત્ર છીએ તેમનો ધર્મ છે કે અમે પણ ભૌતિક અગ્નિની છેદક અને ભેદક શક્તિઓવડે ભૂગોલના સર્વ પદાર્થોને શુદ્ધ અને પવિત્ર કરતા રહીએ વિશેષે કરીને સુગન્ધિત પદાર્થોને બાળીને તેના પરમાણુઓ વડે પવન પાણી અને અન્નને શુદ્ધ કરીએ. અગ્નિમા વિધિપૂર્વક નાખેલી આહુતિઓ પવનને સુગન્ધિત કરે છે તેજ પાણી અને અનાજ પેદા કરે છે, અને પોતાના પવિત્ર ગુણ અન્નને પ્રદાન કરીને માણસનુ શરીર જે પવન પાણી અને અન્નથી બનેલુ છે, તે જ્યારે આ ત્રણ પદાર્થથી સર્વોત્તમ પ્રકારથી સંશોધિત થાય ત્યારે તે શ્રેષ્ઠ (પવિત્ર) થશે અને શરીરના શ્રેષ્ઠ હોવા પર અમારા સાંસારિક અને પારમાર્થિક કલ્યાણનો પણ ઘણો આધાર છે. માટે અમે અગ્નિહોત્ર દ્વારા યજ્ઞકર્ત્તા પરમપિતાનુ અનુકરણ ` દૈવી જીવન બનાવી અમારે માટે મોક્ષમાર્ગને તૈયાર કરીએ, સર્વ સાધારણ જનસમૂહના શરીરોને શ્રેષ્ઠ બનાવી પો-પારકુ સાંસારિક ભલુ કરી શકીએ છીએ અર્થાત્ અગ્નિ-અમારો આ લોક અને પરલોક બન્ને સુધરી જાય છે.

अथ विधि

આ ત્રણ મન્ત્રો વડે દરેકથી એક એમ ત્રણ આચમન કરવા.

ओ३म् अमृतोपस्तरणमसि स्वाहा ॥ १ ॥

ओ३म् अमृतापिधानमसि स्वाहा ॥ २ ॥

ओ३म् सत्यं यशः श्रीर्मयि श्रीःश्रयतां स्वाहा ॥ ३ ॥

તત્પશ્ચાત્ નીચે લખેલ મન્ત્રો વડે જમણા હાથે જળથી અઆનો સ્પર્શ કરવો

ओ३म् वाङ्म ऽआस्येऽस्तु ॥ મુખ, ओ३म् नसोर्मे प्राणोऽस्तु ॥ બેઉ નાશિકા, ओ३म् अक्ष्णोर्मे चक्षुरस्तु॥ બેઉ આંખો, ओ३म् कर्णयोर्मे श्रोत्रमस्तु॥બન્ને કાન, ओ३म् बाह्वोर्मे बलमस्तु ॥ બન્ને હાથ, ओ३म् ऊर्वोर्मे ऽओजोस्तु ॥ બેઉ બાજુની જાંધ, ओ३म् अरिष्टानि मेऽङ्गानि तनुस्तन्वा मे सह सन्तु ॥ સર્વ અંગો.

ओ३म् भूर्भुवः स्वः ॥

ઉપરનો મત્ર બોલી બ્રાહ્મણ ક્ષત્રિય અથવા વૈશ્યના ઘેરથી અગ્નિ (દેવતા) લાવી અથવા ઘીનો દીવો કરીને તેનાથી કપૂર સળગાવી એક વાસણમાં રાખી તેમાં નાના નાના લાકડા (બાવળ અને સળેઆ સિવાય)ના ટુકડા કરી યજમાન અથવા પુરોહિત તે વાસણને " ? હાથેથી લઇ ગરમ હોય તો ચિપિઆથી પકડી આગળ
અગ્નિ આધાન કરવુ તે મત્ર આ છે—

ओ३म् भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवीव व्व

तस्यास्ते पृथिवि देवयजनि पृष्ठेऽग्निमन्नादमन्नाद्यायादधे ॥१॥

પછી નીચેનો મન્ત્ર બોલી અગ્નિ પ્રદીપ્ત કરવો

ओ३म् उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते सꣳ सृजेथा मयञ्च । अस्मिन्सधस्थे अध्युत्तरस्मिन्विश्वे देवा यजमानश्च सीदत ॥ यजुः ॥

અગ્નિ પ્રદીપ્ત થયા બાદ નીચેના ચાર મન્ત્રોથી દરેક મન્ત્ર બોલી એક એક એમ ત્રણ સમિધા હોમવી (બીજો અને ત્રીજો એ મન્ત્ર બોલી એકજ સમિધા હોમવી)

ओ३म् अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्य स्व वर्धस्व चेद्धवर्धयचास्मान् प्रजया पशुभिर्ब्रह्मवर्चसेनान्नाद्येन समेधय स्वाहा । इदमग्नये जातवेदसे इदन्न मम ॥

ओ३म् समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् । आस्मिन्हव्याजुहोतन स्वाहा ॥ इदमग्नये इदन्नमम ॥

ओ३म् सुसमिद्धाय शोचिषे घृतन्तीव्रञ्जुहोतना अग्नये जातवेदसे स्वाहा ॥ इदमग्नये जातवेदसे इदन्नमम ॥

ओ३म् तन्त्वा समिद्भिरङ्गिरो घृतेन वर्द्धयामसि । बृहच्छोचायविष्ठ्य स्वाहा । इदमग्नयेऽङ्गिरसे इदन्नमम ॥

बाद ओ३म् अयन्त इदम आत्मा०

આ મન્ત્ર બોલી દરેક વાર એક એમ ઘીની પાંચ આહુતિ આપવી. પછી બાદ નીચેના મન્ત્રોથી ચારે દિશાઓમા જલ સિચન કરવું.

ओ३म् अदितेऽनुमन्यस्व (પુર્વમાં) । ओ३म् अनुमतेऽनुमन्यस्व (પશ્ચિમમાં) । ओ३म् सरस्वत्यनुमन्यस्व (ઉત્તરમાં) ॥

ओ३म् देव सवितः प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिम्भगाय। दिव्योगन्धर्वःकेतपूःकेतन्नः पुनातु वाचस्पतिर्वाचन्नः स्वदतु ॥ (દક્ષિણમાંથી સર્વ દિશાએ)

નીચેના મન્ત્રો બોલતા જઇ ઘાની આહુતી આપવી.

ओ३म् अग्नये स्वाहा ॥ इदमग्नये इदन्न मम ॥ પ્રકાશ આપનાર તેજયુક્ત અગ્નિ સારૂં ।

ओ३म् सोमाय स्वाहा ॥ इदं सोमाय इदन्न मम ॥ આહ્‌લાદિકાદિ તથા અમૃત દાનાદિ ગુણયુક્ત સારૂં ।

ओ३म् प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये इदन्न मम ॥ પ્રજાના પાલનાર સારૂં ।

ओ३म् इन्द्राय स्वाहा ॥ इदमिन्द्राय इदन्न मम ॥ પરમ ઐશ્વર્યવાન સારૂં ।

નીચેના મન્ત્રોથી ઘી અને સામગ્રી વીગેરેની સાથે આહુતી આપવી.

ओ३म् भूरग्नये स्वाहा ॥ इदमग्नये इदन्न मम '
સ્વરુપ તથા પ્રાણપ્રદ પ્રકાશમાન અગ્નિ સારૂ

ओ३म् भुवर्वायवे स्वाहा ॥ इदंवायवे इद॰

દુઃખ નિવારક સર્વ ગતિમાન્ વાયુ માટે ।

ओ३म् स्वरादित्याय स्वाहा ॥इदमादित्याय इदन्न मम ॥ સુખસ્વરૂપ આનન્દમય આદિત્ય માટે ।

ओ३म् भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः स्वाहा ॥ इदमग्नि-वाय्वादित्येभ्यः इदन्न मम ॥ઉત્તમ ગુણ સમુદાય વિશિષ્ટ અગ્નિ વાયુ તથા આદિત્ય સંજ્ઞા સારૂં ।

(સવારના).

ओ३म् सूर्यो ज्योतिर्ज्योतिः सूर्यः स्वाहा॥१॥ओ३म् सूर्यो-वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥२॥ ओ३म् ज्योतिः सूर्यः सूर्यो ज्योतिः स्वाहा ॥ ३ ॥ ओ३म सजुर्देवेन सवित्रा सजूरुषसेन्द्रव-त्याजुषाणः सूर्यो वेतु स्वाहा ॥ ४ ॥

સાજના.

ओ३म् अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा ॥ १ ॥

ओ३म् अग्निर्वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥ २ ॥

ओ३म् अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा ॥ ३ ॥

આ મત્રને મનમાં બોલી ત્રીજી આહુતી આપવી.

ओ३म् सजुर्देवेन सवित्रा सजूरात्र्येन्द्रवत्याजुषाणो अग्नि-
॥ ४ ॥

લખેલા મન્ત્રોથી પ્રાતઃ અને સાયં આહુતિ આપવી જોઇએ.

ओ३म् भूरग्नये प्राणाय स्वाहा ॥ इदमग्नये प्राणाय इदन्न मम ॥१॥ ओ३म् भुववीयवेऽपानाय स्वाहा। इदंवायवेऽपानाय इदन्न मम ॥ २ ॥ ओ३म् स्वरादित्याय व्यानाय स्वाहा ॥ इदमादित्याय व्यानाय इदन्न मम ॥ ३ ॥ ओ३म् भूर्भुवः स्वरग्निवाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्यः स्वाहा। इदमग्नि वाय्वादित्येभ्यः प्राणापानव्यानेभ्य इदन्नमम ॥ ओ३म् आपो ज्योतिरसोऽमृतं ब्रह्मभूर्भुवः सुवरों स्वाहा ॥ ओ३म् यां मेधां देवगणाः पितरश्चोपासते । तयामामद्यमेधयाऽग्नेमेधाविनं कुरुस्वाहा ॥ ६ ॥ ओ३म् विश्वानिदेव सवितर्दुरित।नि परा सुव । यद्भद्रं तन्न आसुव ॥ ७ ॥ ओ३म् अग्नेनय -
राये अस्मान्विश्वानिदेव वयुनानि विद्वान्। युयोध्यस्म
णमेनो भूयिष्ठान्ते नम उक्तिंविधेम स्वाहा ॥ ८ ।

ओ३म सर्वं वै पूर्ण ँ स्वाहा ॥

આ મંત્ર ત્રણવાર બોલી પૂર્ણ આહુતિઓ આપી તથા સામગ્રી પૂરી કરવી.

ओ३म् द्यौः शान्तिरन्तरिक्ष ँ शान्तिः पृथिवी
रापः शान्तिरोषधयः शान्तिर्वनस्पतयः शान्ति
न्तिर्ब्रह्म. शान्तिः सर्वं ँ शान्तिःशान्तिरेव १
नरेधि ॥ ओ३म् शान्तिः शान्तिः ।द०